# પ્રેસનોટ

**સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન)**

સામે બોમ્બે માર્કેટ, ઉમરવાડા, સુરત-395010, ગુજરાત, ભારત

ડૉ. દીપક એસ. હોવાલે

ડીન

ફોન: ૦૨૬૧-૨૩૬૮૦૪૦-૪૪, એક્સટેન્શન ૧૧૦,

ઈ-મેલ: deansmimer@gmail.com

## SMIMER દ્વારા દેલાડવા ગામમાં નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન

સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (SMIMER) ના કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ હેઠળ તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

આ કેમ્પનું આયોજન ડીનશ્રી ડૉ. દીપક હોવાળે તથા મેડિકલ સુપરિન્ટેન્ડન્ટશ્રી ડૉ. જીતેન્દ્ર દર્શનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજનમાં દેલાડવા ગામના સરપંચ શ્રીમતી નિકિતાબેન હાર્દિકભાઈ પટેલ, તલાટીશ્રી પંકજભાઈ જાલૌંદરા તથા ગ્રામ પંચાયત દેલાડવા દ્વારા ઉત્તમ સહયોગ આપવામાં આવ્યો હતો. સાથેસાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ આરોગ્યની જનજાગૃતિ માટે રેલી પણ કાઢવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્યવિસ્તારમાં આરોગ્ય સેવાઓની સુલભતા વધારવાનો હતો. કેમ્પ દરમિયાન ગ્રામજનોને નિઃશુલ્ક તબીબી તપાસ, લેબોરેટરી તપાસ તથા જરૂરી દવાઓ આપવામાં આવી હતી. આ કેમ્પમાં મેડિસિન, સર્જરી, ગાયનેકોલોજી, પીડિયાટ્રિક્સ, ઓપ્થેલ્મોલોજી તથા ડર્મેટોલોજી વિભાગ દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ અંતર્ગત M.B.B.S.ના વિદ્યાર્થીઓ દ્વારા વિભાગના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ ગામના પરિવારોને દત્તક લેવામાં આવ્યા છે અને તેમની મુલાકાત લઈને શારીરિક તપાસ, જરૂરી તપાસો તથા આરોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમમાં M.B.B.S.ના વિદ્યાર્થીઓ, ૧૮ ફેકલ્ટી સભ્યો, સિનિયર રેસિડન્ટ્સ, રેસિડન્ટ્સ, પી.એસ.એમ. વિભાગના સ્ટાફ તથા ગ્રામજનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને કાર્યક્રમને સફળ બનાવ્યો. આવનાર સમયમાં પણ દત્તક લીધેલા પરિવારોની આરોગ્ય સંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમયાંતરે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે

જન સપંર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા સમાચાર યાદી

નં. ૫૯૭ , તા.૨૪/૦૨/૨૦૨૬


પંચાયત


તમાકુ મુક્ત જીવન
GPS Map Camera
Google
Surat, Gujarat, India
260/1, Gaon, Sardar Vas, Deladva Gam, Surat,
Gujarat 394210, India
Lat 21.149446° Long 72.891372°
Tuesday, 24/02/2026 10:18:12 AM GMT +05:30


મચ્છરથી થતા રોગોનુ નિયંત્રણ
સ્વચ્છ પરિસર સ્વચ્છ જીવન
દેલાડવા ગ્રામ પંચાયત ઓફિસ
9:00AM


GPS Map Camera
Google
Surat, Gujarat, India
4vxr+r7q, Deladva Gam, Surat, Gujarat 394210, India
Lat 21.149857° Long 72.890802°
Tuesday, 24/02/2026 10:02 AM GMT +05:30